દરેક સ્પર્ધાત્મક પરીક્ષા માટે ખાસ

# કરંટ અફેર્સ

**સાંપ્રત બનાવો આધારિત**
**દર શનિવારે પ્રસિદ્ધ થતું**
**સાપ્તાહિક મેગેજીન**

## 13 To 19 January 2018



**તલાટી મંત્રી,**
**કોન્સ્ટેબલ,**
**બિન સચિવાલય,**
**પંચાયત મંત્રી**
**TET, TAT, HTAT, PSI**

**Paresh Chavda**

EduSafar

# કરંટ અફેર્સ, તારીખ ૧૩/૧/૨૦૧૮

## પ્રખ્યાત હિન્દી લેખક દુધનાથ સિંહનું અવસાન થયું.

હિન્દી સાહિત્યના વરિષ્ઠ કથાકાર,કવિ અને આલોચક દુધનાથ સિંહનું લાંબી બીમારી બાદ ૧૧ જાન્યુઆરી ૨૦૧૮ ના રોજ અવસાન થયેલ છે.

તેમણે પોતાના પૈતુક શહેર ઈલાહાબાદમાં પોતાનો નશ્વર દેહ છોડેલ.

તેઓ ૮૨ વર્ષની વયના હતા,તેઓ કેન્સરથી પીડિત હતા.

દુધનાથસિંહ ઉત્તરપ્રદેશનાના બલિયા જીલ્લાના સોબંથા ગામના રહેવાસી હતા.

તેમના ત્રણ કવિતા સંગ્રહ પ્રખ્યાત થયેલા એક ઔર ભી આદમી હૈ, અગલી શતાબ્દી, યુવા ખુશ્બુ સામેલ છે.

ગૈલપ ઈન્ટરનેશનલના સર્વેક્ષણ અનુસાર ભારતન પ્રધાનમંત્રી વિશ્વના ત્રીજા સૌથી લોકપ્રિય નેતા.

એક આંતરરાષ્ટ્રીય સર્વેક્ષણ અનુસાર દેશના પ્રધાનમંત્રીશ્રી વિશ્વના ત્રીજા સૌથી લોકપ્રિય નેતા જાહેર થયા છે.

ગૈલપ ઈન્ટરનેશનલ દ્વારા વિશ્વના ૫૦ દેશોમાં આ સર્વેક્ષણ હાથ ધરવામાં આવેલ.

આ સર્વેક્ષણના અનુસાર પ્રધાનમંત્રીએ ચીનના રાષ્ટ્રપતિ શી જીનપિંગ અને અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને પાછળ રાખી દીધા છે.

ગૈલપ ઈન્ટરનેશનલના કરવામાં આવેલ સર્વેમાં પ્રથમ સ્થાન પર ફ્રાંસના રાષ્ટ્રપતિ ઈમેનુલ મૈક્રો રહ્યા છે.

ગૈલપ ઈન્ટરનેશનલના સર્વેક્ષણમાં બીજા સ્થાન પર જર્મનીના ચાન્સેલર એન્જેલા મર્કેલ રહ્યા છે.

ગૈલપ ઈન્ટરનેશનલના અનુસાર આ સર્વેક્ષણ આશરે ૫૪ હજાર લોકો વચ્ચે કરવામાં આવેલ.

ગૈલપ ઈન્ટરનેશનલ એસોસીએશન (જીઆઈએ) સર્વેક્ષણ આયોજિત કરનાર સંસથાઓનો મહાસંઘ છે, તેનું કાર્યાલય જ્યુરીચ સ્વીત્ઝરલૅન્ડમાં આવેલ છે.

# રમત-જગત

## વર્લ્ડક્લાસ પર્થ સ્ટેડીયમને આઈ.અસી.સી. દ્વારા મંજુરી આપી દેવામાં આવી.

આઈ.સી.સી.એ ક્રિકેટના ત્રણેય ફોર્મેટ માટે પર્થના નવા વર્લ્ડક્લાસ સ્ટેડીયમને મંજુરી

Google Play Store પર જઈ EduSafar સર્ચ કરી, એપ ડાઉનલોડ કરી લેશો.

આપી દીધેલ છે.

આગામી ૨૮ મી જાન્યુઆરીએ ઇંગ્લેન્ડ અને ઓસ્ટ્રેલિયા વચ્ચે રમાનારી વન-ડેની તમામ ટીકીટો વેંચાઈ ગઈ છે.

આ સ્ટેડીયમમાં ૬૦ હજાર લોકોને સમાવવાની ક્ષમતા રહેલી છે.

આ સ્ટેડીયમમાં કોઈપણ ઈન્ટરનેશનલ મેચની યજમાની કરવા માટેની ઉચ્ચ સ્તરીય સગવડ છે.

## અન્ય

### ઈસરોએ ૧૦૦ મો ઉપગ્રહ પ્રક્ષેપિત કરી ઈતિહાસ રચ્યો.

૧૨ જાન્યુઆરી ૨૦૧૮ ના રોજ ભારતીય અવકાશી સંસ્થા ઈસરોએ ૧૦૦ મો ઉપગ્રહ લોન્ચ કરીને રેકોર્ડ કરેલ છે.

આ ઉપગ્રહ સેટેલાઈટ લોન્ચિંગ વ્હીકલ પી.એસ.એલ.વી.થી પ્રક્ષેપિત કરવામાં આવેલ.

ઈસરો દ્વારા આ દરમિયાન ૩૧ ઉપગ્રહો એકસાથે પ્રક્ષેપણ કરાયું હતું.

શ્રી હરિકોટાના સતીશ ધવન સ્પેસ સેન્ટરથી તેનું પ્રક્ષેપણ કરવામાં આવેલ.

## સમીક્ષા, તારીખ ૧૩/૦૧ ૨૦૧૮

### ઈન્દુ મલ્હોત્રા સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ નામાંકિત થનાર પહેલા વરિષ્ઠ મહિલા વકીલ બન્યા...

સુપ્રીમ કોર્ટના કોલેજીયમ દ્વારા વરિષ્ઠ વકીલ ઈન્દુ મલ્હોત્રા તથા ઉતરાખંડ હાઈકોર્ટના મુખ્ય ન્યાયધીશ કે.એમ. જોસેફને સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ બનાવવાની ભલામણ કરેલ છે.

ઈન્દુ મલ્હોત્રા પ્રથમ મહિલા વકીલ છે, જેને સીધા સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ બનાવવાની ભલામણ કરાઈ છે.

ઈન્દુ મલ્હોત્રાને વર્ષ ૨૦૦૭ માં વરિષ્ઠ વકીલનું પદ પ્રાપ્ત થયું હતું.

ઈન્દુ મલ્હોત્રા સુપ્રીમ કોર્ટમાં ન્યાયાધીશ બન્યા પહેલા ન્યાયાધીશ બનનાર સાતમાં ન્યાયાધીશ બનશે.

હાલમાં સુપ્રીમ કોર્ટમાં આર.ભાનુમતી એકમાત્ર મહિલા ન્યાયાધીશ છે.

સ્વતંત્રતા બાદથી આજ સુધીમાં સુપ્રીમ કોર્ટમાં ફક્ત ૭ મહિલા ન્યાયાધીશ નિયુક્ત કરાયા છે.

Google Play Store પર જઈ EduSafar સર્ચ કરી, એપ ડાઉનલોડ કરી લેશો.

જસ્ટીસ કે.એમ. જોસેફ વર્તમાનમાં ઉત્તરાખંડ હાઈકોર્ટના ન્યાયાધીશ છે.

## કરંટ અફેર્સ, તારીખ ૧૪/૧/૨૦૧૮

## રાષ્ટ્રીય

### નવી દિલ્હીમાં આયોજિત કરવામાં આવી કૃષિ અને વન્ય ક્ષેત્ર પર ચૌથી આસિયાન-ભારત મંત્રીસ્તરીય બેઠક.

આસિયાન દેશોના કૃષિ મંત્રીઓએ નવી દિલ્હીમાં ચૌથી બેઠક આયોજિત કરેલ.

આ વખતે ચર્ચાનો વિષય, 'ભોજન અને કૃષિ ભવિષ્યના વિકાસ પર આધારિત' હતો.

આ અવસર પર કેન્દ્રીય કૃષિમંત્રી રાધામોહન સિંહે કહ્યું હતું કે ભારત સયુંકત રાષ્ટ્ર અને આસિયાન દેશો દ્વારા નિર્ધારિત એજન્ડા માટે પ્રતિબદ્ધ છે.

ભારતીય નૌસેનાના આઈ.એન.એસ.નિર્ભીક અને આઈ.એન.એસ.નીર્ધાત યુદ્ધ જહાજની વિદાઈ અપાઈ.

ભારતીય નૌસેનામાં છેલ્લા ૩૦ વર્ષોથી સેવારત બે યુદ્ધ જહાજને મુક્તિ આપવામાં આવેલ છે.

આ યુદ્ધ જહાજમાં આઈ.એન.એસ.નિર્ભીક અને આઈ.એન.એસ.નીર્ધાતનો સમાવેશ થાય છે.

૧૧ જાન્યુઆરી ૨૦૧૮ ના રોજ આ બંને યુદ્ધ જહાજને મુક્તિ આપવા આવી છે.

બંને યુદ્ધ જહાજોએ પોતાના સેવાકાર્ય દરમિયાન ઓપરેશન પરાક્રમ અને વિજય સહીત ઘણા અભિયાનમાં ભાગ લીધેલ.

આ ઉપરાંત બંને યુદ્ધ જહાજોએ ગુજરાતના કિનારે પણ સેવા માટે તૈનાત કરવામાં આવેલ.

## આંતરરાષ્ટ્રીય

### ગેરકાયદેસર પ્રવાસીઓ પર ભારતે બ્રિટન સાથે સમજુતી કરાર કર્યા.

ભારતે યુનાઈટેડ કિંગડમ સાથે એક સમજુતી કરાર પર હસ્તાક્ષર કર્યા છે.

જેનાથી વિદેશોમાં અધિકારીયો દ્વારા તેમની ઓળખાણ એક માસની અંદર ગેરકાયદેસર ભારતીય પ્રવાસીઓની પીછેહઠ યોગ્ય રીતે કરી શકાય.

ગૃહરાજ્યમંત્રી કિરણ રીજ્જુએ આ સમજુતી કરારને પુષ્ટી આપી છે.

Google Play Store પર જઈ EduSafar સર્ચ કરી, એપ ડાઉનલોડ કરી લેશો.

બ્રિટનના ભારતીય પ્રતિનિધિ મંડળના સાથે યાત્રા દરમિયાન બ્રિટન રાજ્યમંત્રી કૈરોલિના નોક્સે પણ હસ્તાક્ષર કરેલ છે.

## રમત-જગત

### અન્ડર-૧૯ વર્લ્ડકપની શરૂઆત થઈ.

૧૩ જાન્યુઆરી ૨૦૧૮ ના રોજ અન્ડર-૧૯ વર્લ્ડકપની શરૂઆત ન્યુઝીલેન્ડમાં થઈ છે.

આ માટે હેગ્લે ઓવલ મેદાન તૈયાર કરવામાં આવ્યું હતું.

ભારતીય ટીમના કેપ્ટન પૃથ્વી શો ઓસ્ટ્રેલિયાના ભારતીય મૂળના કેપ્ટન જેસન સાંઘા પર લોકોની વિશેષ નજર રહેશે.

ન્યુઝીલેન્ડમાં રમનારા અન્ડર-૧૯ વર્લ્ડકપ કપમાં કુલ ૪૮ મેચો રમાશે.

આગામી ૩ જી ફેબ્રુઆરીએ અન્ડર-૧૯ વર્લ્ડકપની ફાઈનલ મેચ યોજાશે.

## અન્ય

### ભારતીય અભિનેતા શાહરૂખ ખાનને વર્લ્ડ ઈકોનોમિક ફોરમમાં સન્માન મળશે.

અભિનેતા શાહરૂખ ખાનને વિશ્વ આર્થિક મંચ (વર્લ્ડ ઈકોનોમિક ફોરમ)ની વાર્ષિક બેઠકમાં સન્માનિત કરાશે.

આ ફોરમની ૪૮ મી વાર્ષિક બેઠકમાં ૨૪ માં વાર્ષિક ક્રિસ્ટલ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવશે.

આ પુરસ્કાર તેઓને ભારતમાં બાળકો અને મહિલાઓના અધિકારોને ટેકો આપવા માટે અપાશે.

ભારતીય અભિનેતા સિવાય દિગ્દર્શન ક્ષેત્રે પ્રખ્યાત કેટ બ્લેન્ચેટ અને ગાયિકા એલ્ટન જોનને પણ સન્માનિત કરાશે.

## સમીક્ષા,તારીખ ૧૪/૦૧/૨૦૧૮

### રાષ્ટ્રીય યુવા દિવસ ૧૨ જાન્યુઆરીના રોજ મનાવવામાં આવ્યો...

દેશમાં ૧૨ જાન્યુઆરી ૨૦૧૮ ના રોજ સ્વામી વિવેકાનંદ જયંતીને યુવા દિવસના રૂપમાં મનાવવામાં આવે છે.

આ દિવસનો ઉદેશ્ય વિવેકાનંદની શિક્ષા અને આદર્શોને ભારતીય યુવાઓ માટે રોલ મોડલ રૂપ માનવવામાં આવે છે.

EduSafar

Google Play Store પર જઈ EduSafar સર્ચ કરી, એપ ડાઉનલોડ કરી લેશો.

યુવા રાષ્ટ્રીય દિવસના રૂપમાં સ્વામી વિવેકાનંદના જન્મ દિવસને મનાવવા માટે વર્ષ ૧૯૮૪ થી શરૂઆત કરવામાં આવેલ.

આને માનવાનો મુખ્ય ઉદેશ્ય ભારતના યુવાનો વચ્ચે સ્વામી વિવેકાનંદના આદર્શો અને વિચારો ફેલાવવાનો છે.

સ્વામી વિવેકાનંદનો જન્મ ૧૨ જાન્યુઆરી ૧૯૬૩ ના રોજ કોલકાતામાં થયો હતો.

તેમનું બાળપણનું નામ નરેન્દ્રનાથ દત્ત હતું.

તેમના ગુરુ રામકૃષ પરમહંસ હતા, સ્વામી વિવેકાંદે 'ઉઠો જાગો અને ધ્યેય પ્રાપ્તિ સુધી માંડ્યા રહો'નો નારો આપ્યો હતો.

## કરંટ અફેર્સ, તારીખ ૧૫/૧/૨૦૧૮

### રાષ્ટ્રીય સંસ્કૃતિ મહોત્સવ-૨૦૧૮ નું સાતમું સંસ્કરણ પ્રારંભ થયું.

સંસ્કૃતિ મંત્રાલય દ્વારા ૧૪ જાન્યુઆરી ૨૦૧૮ થી કર્ણાટકમાં એક ભારત શ્રેષ્ઠ ભારતના નેજા હેઠળ રાષ્ટ્રીય સંસ્કૃતિક મહોત્સવનું સાતમું સંસ્કરણ આયોજિત થઇ રહ્યું છે.

કેન્દ્રીય રસાયણ અને અન્ય બાબતોના સંસદીય મંત્રી અનંતકુમાર અને કેન્દ્રીય સંસ્કૃતિ રાજ્યમંત્રી તથા પર્યાવરણ મંત્રી મહેશ શર્માએ આ મહોત્સવનું ઉદ્ઘાટન કરેલ છે.

એક ભારત શ્રેષ્ઠ ભારત કાર્યક્રમ ૩૧ ઓક્ટોબર ૨૦૧૬ ના રોજ વિવિધ રાજ્યો અને કેન્દ્ર સાશિત પ્રદેશોના લોકો વચ્ચે સંપર્ક વધે તે માટે શરુ કરવામાં આવેલ.

આ કાર્યક્રમથી વિવિધ પ્રદેશોના લોકો એકબીજા સાથે જોડાઈ શકે અને એકબીજાની સંસ્કૃતિથી વાકેફ થઇ શકે.

સાથે-સાથે ભારતની એકતા અને અખંડીતતાને પોષણ પણ મળી શકે.

## આંતરરાષ્ટ્રીય

### કાઠમંડુમાં નેપાળ-ચીન ક્રોસ બોર્ડર ઓપ્ટીકલ ફાઈબર લિંકનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું.

નેપાળના રહેવાસીઓએ હિમાલય પર્વત પર બીછાવેલ ચીનની ઓપ્ટીકલ ફાઈબર લિંક મારફતે ઇન્ટરનેટનો ઉપયોગ કરવાનું શરુ કરેલ છે.

રસુવાગઢી બોર્ડરમાં માધ્યમથી ચીની ફાઈબર લિંક દ્વારા મળનાર ઇન્ટરનેટની પ્રારંભિક સ્પીડ ૧.૫ ગીગાબાઈટ પ્રતિ સેકન્ડ હશે.

બીરતનગર,ભૈરહવા અને બીરગંજમાં માધ્યમથી ભારત ૩૪ જીબીપીએસની સ્પીડ

Google Play Store પર જઈ EduSafar સર્ચ કરી, એપ ડાઉનલોડ કરી લેશો.

પ્રદાન કરી રહ્યો હતો.

નેપાળના સૂચના અને સંચારમંત્રી મોહન બહાદુર બાસનેતે નેપાળ-ચીન સીમા પર ઓપ્ટીકલ ફાઈબર લિંકનું ઉદ્ઘાટન કરેલ છે.

આ સાથે નેપાળના ઈન્ટરનેટ માટે ભારત પરની નિર્ભરતા ખતમ થયેલ છે.

આ સાથે ચીને ભારતનો એકાધિકાર સમાપ્ત કરી દીધેલ છે.

## રમત-જગત

### સઉદી અરબમાં પ્રથમવાર મહિલાઓએ સ્ટેડીયમમાં પહોંચીને ફૂટબોલ મેચ જોઈ.

૧૨ જાન્યુઆરી ૨૦૧૮ ના રોજ પ્રથમવાર મહિલાઓએ દર્શકની જગ્યા પર બેસીને ફૂટબોલ મેચ જોઈ.

જેહાદના સ્ટેડીયમમાં મેચ જોવા માટે ત્યાં મહિલા ફેંસ પણ પહોંચી હતી.

તેઓ ફેમીલી ગેટથી સ્ટેડીયમમાં દાખલ થઈ, અને ફેમીલી સેક્શનમાં બેસીને મેચનો આનંદ માણ્યો હતો.

આ મહિનામાં કુલ ત્રણ સ્ટેડીયમમાં જઈને સઉદી અરબની મહિલાઓ મેચ જોઈ શકશે.

આ તમામ સામાજિક સુધારોમાં એક છે, જોક્રાઉન પ્રિન્સ મોહમ્મદ સલમાનની આગેવાનીમાં કરવામાં આવી રહ્યા છે.

## અન્ય

### અતુલ્ય ભારત ડીઝીટલ કેલેન્ડર-૨૦૧૮ લોન્ચ કરવામાં આવ્યું.

પર્યટન રાજ્ય મંત્રી કે.જે. અલ્ફોસે ૧૨ જાન્યુઆરી ૨૦૧૮ ના રોજ અતુલ્ય ભારત ડીઝીટલ કેલેન્ડર લોન્ચ કરેલ છે.

આ વખતે પ્રથમવાર આ કેલેન્ડરને જાહેર કરવામાં આવેલ છે.

અતુલ્ય ભારતવાળું અને ડેસ્ક કેલેન્ડર ૨૦૧૮ આ સરકારની ડીઝીટલ ઈન્ડીયા પહેલને વધારો આપશે.

અતુલ્ય ભારત ડીઝીટલ કેલેન્ડર ઉપભોક્તાઓની ભારતમાં થનાર ઘટનાઓ અને તહેવારોનાની બાબતની જાણકારીને વધારે છે.

આ સિવાય એક નાઈટ કેલેન્ડરનું સંસ્કરણ પણ જાહેર કરવામ આવેલ.

Google Play Store પર જઈ EduSafar સર્ચ કરી, એપ ડાઉનલોડ કરી લેશો.

## સમીક્ષા, તારીખ ૧૫/૧/૨૦૧૮

### સરકાર દિલ્હીમાં ૧૦ ફેબ્રુઆરી ૨૦૧૮ થી સ્વચ્છ હવા અભિયાન શરુ કરશે...

પર્યાવરણ મંત્રાલયએ નવી દિલ્હીમાં સરકાર અને થોડીએજન્સીઓ સાથે મળીને રાષ્ટ્રીય રાજધાનીમાં સ્વચ્છ હવા અભિયાનને શરુ કરશે.

આ સયુંકત અભિયાન પ્રદુષણના સંકટને હળવું કરવા માટેનું પ્રભાવી કદમ રહેશે.

આશા છે કે આ એક એવો કાર્યક્રમ બનશે કે જેનું વર્ષભર અનુકરણ કરવામાં આવશે.

આ અભિયાનનો ઉદેશ્ય પર્યાવરણ સંરક્ષણ કરવાનો રહેલ છે.

આ અભિયાનથી પ્રાથમિક સ્તરે સંરક્ષણની આદતમાં વધારો થાય અને અધિકારીઓ પણ સંરક્ષણથી વાકેફ થાય,તે જરુરી છે.

ભારતમાં પર્યાવરણ બચાવવા માટે એન.જી.ટી. નામની સંસ્થા કાર્ય કરે છે.

## કરંટ અફેર્સ, તારીખ ૧૬/૧/૨૦૧૮

### ઈન્ડિયા ઈન્ટરનેશનલ એક્સચેન્જ આઈ.આર.એફ.સી.ની પ્રથમ ગ્રીન બોન્ડ સૂચિમાં સામેલ.

બોમ્બે સ્ટોક એક્સચેન્જના ઈન્ડિયા ઈન્ટરનેશનલ એક્ચેન્જે પોતાના ગ્લોબલ સિક્યોરિટીજ માર્કેટમાં પ્રથમ બ્રાંડને સૂચીબદ્ધ કરેલ છે.

ઈન્ડિયન રેલ ફાયનાન્સ કોર્પોરેશન(આઈ.આર.એફ.સી.) દ્વારા જાહેર કરાયેલ બ્રાંડ એક ભારતીય કોર્પોરેટ દ્વારા જાહેર કરાયેલ ઉચ્ચતમ ક્રેડીટ રેટેડ બ્રાન્ડમાં એક છે.

ઉપરાંત આઈ.આર.એફ.સી. ની પ્રથમ ગ્રીન બોન્ડ બજારમાં પ્રવેશેલ છે.

આઈ.આર.એફ.સી. ભારતીય રેલ્વેની એક નાણાકીય શાખા છે.

એસ.કે. પટ્ટનાયક આઈ.આર.એફ.સી.ના પ્રબંધ નિર્દેશક છે.

આઈ.આર.એફ.સી.ની સ્થાપના ૧૨ ડીસેમ્બર, વર્ષ ૧૯૮૬ માં કરવામાં આવી હતી.

## આંતરરાષ્ટ્રીય

### ભારતે સયુંકત રાષ્ટ્રયુવા દુતના કાર્યાલયમાં ૫૦,૦૦૦ ડોલરનું યોગદાન આપ્યું.

ભારતે સયુંકત રાષ્ટ્રના મહાસચિવ એન્ટોનિયો ગુટેરેસને સયુંકત રાષ્ટ્રયુવા દુતના કાર્યાલયમાં ૫૦,૦૦૦ ડોલરનું યોગદાન કરેલ છે.

જેથી કરીને વિશ્વ મંડળના લક્ષ્યમાં યુવાઓને સામેલ કરવાના પોતાના મિશનમાં આ સંસ્થાની સહાયતા મળી શકે.

Google Play Store પર જઈ EduSafar સર્ચ કરી, એપ ડાઉનલોડ કરી લેશો.

આ યોગદાન સ્વેચ્છિક છે, આમાં કોઈ જોડાયેલ નથી, અને આ સયુંકત રાષ્ટ્રના સામાન્ય અને શાંતિ અને અન્ય ખર્ચ વાળા બજેટમાં ભારતના નિયમિત ચુકવણી અતિરિક્ત છે.

સયુંકત રાષ્ટ્ર વર્ષ ૧૯૪૫ માં સ્થાપિત થયેલ એક આંતરરાષ્ટ્રીય સંગઠન છે.

હાલમાં આ સંગઠનમાં ૧૯૩ સભ્ય દેશો જોડાયેલા છે.

## રમત-જગત

### વિરાટ કોહલીએ દક્ષિણ આફ્રિકામાં શતક લગાવ્યું.

કેપ્ટન વિરાટ કોહલીએ સેંચુરીયન ટેસ્ટમાં પોતાનું એકવીસમુ શતક લગાવેલ છે.

કોહલીએ દક્ષિણ આફ્રિકાની જમીન પર બે કે તેથી વધારે શતક લગાવવાની બાબતોમાં પણ રેકોર્ડ બનાવેલ છે.

આ બાબતમાં કોહલીનું સ્થાન હવે સચિન બાદ છે.

વિરાટ કોહલીએ કરેલ સ્કોર દક્ષિણ આફ્રિકામાં કોઈપણ ભારતીય કેપ્ટને કરેલ સ્કોર કરતા વધારે છે.

આ પહેલા ભૂતપૂર્વ કપ્તાન મહેન્દ્રસિંહ ધોની (૯૦ રન) ના નામે આ ઉપલબ્ધી હતી.

## અન્ય

### સમગ્ર દેશમાં ૭૦ મો સેના દિવસ મનાવવામાં આવ્યો.

૧૫ જાન્યુઆરી ૨૦૧૮ ના રોજ સમગ્ર દેશમાં ૭૦ મો સેના દિવસ મનાવાયો.

આ સેના દિવસ વર્ષ ૧૯૪૮ માં ૧૫ જાન્યુઆરીના રોજ ભારતના પ્રથમ કમાન્ડર ઈન ચીફ ફિલ્ડ માર્શલ કે.એમ. કરિઅપ્પા દ્વારા ભારતીય સેનાની કમાન સાંભળવાનું પ્રતિક છે.

આ પહેલા કરિઅપ્પા બ્રિટીશ મૂળના ફ્રાન્સીસ બુચર પાસેથી સેના પતિનો પદભાર સંભાળેલ.

આ દિવસ દેશની સુરક્ષા માટે પોતાના જીવનનો ત્યાગ કરનાર સાહસી અને બહાદુર ભારતીય સૈનિકોને શ્રદ્ધાંજલિ આપવા માટે મનાવવામાં આવે છે.

ભારતીય સેનાના જવાનો (ભારતીય સેના બેન્ડ) દ્વારા સેના દિવસ ઉત્સવના દરમિયન સેના દિવસ પરેડ પણ યોજવામાં આવે છે.

Google Play Store પર જઈ EduSafar સર્ચ કરી, એપ ડાઉનલોડ કરી લેશો.

## સમીક્ષા, તારીખ ૧૬/૦૧/૨૦૧૮

વર્લ્ડ ઈકોનોમિક ફોરમ અનુસાર ગ્લોબલ મેન્યુફેક્ચરિંગ ઈન્ડેક્સમાં ભારત ૩૦ માં સ્થાન પર રહ્યું...

વર્લ્ડ ઈકોનોમિક ફોરમે ગ્લોબલ મેન્યુફેક્ચરિંગ ઈન્ડેક્સ પર ભારતને ૩૦ માં સ્થાને રાખેલ છે.

જયારે ભારતનું પાડોશી રાષ્ટ્ર ચીન આ સૂચિમાં પાંચમાં સ્થાન પર રેહલ છે.

જોકે ભારત અન્ય બ્રિકસ રાષ્ટ્રો બ્રાજીલ, રશિયા અને દક્ષિણ આફ્રિકાથી આગળ છે.

જીનીવા સ્થિત વર્લ્ડ ઈકોનોમિક ફોરમ અનુસંધાને તેના પ્રથમ રીપોર્ટમાં ' રેડીનેસ ફોર ધ ફ્યુચર ઓફ પ્રોડકશન રીપોર્ટમાં જાપાનનું ઉત્પાદન માળખું સૌથી સારું જોવામાં આવેલ છે.

બ્રિકસ દેશોમાં રશિયા ૩૫ માં સ્થાન પર, તો બ્રાઝીલ ૪૧ માં સ્થાન પર છે.

વર્લ્ડ ઈકોનોમિક ફોરમની સ્થાપના વર્ષ ૧૯૭૧ માં કરવામાં આવેલ.

વર્લ્ડ ઈકોનોમિક ફોરમ જાહેર-ખાનગી સહયોગ સંગઠન માટે એક આંતરરાષ્ટ્રીય સંગઠન છે.

વર્લ્ડ ઈકોનોમિક ફોરમના હાલના અધ્યક્ષ તરીકે બોર્ગ બ્રેન્ડે સેવા આપી રહ્યા છે.

## કરંટ અફેર્સ, તારીખ ૧૭/૧/૨૦૧૮

દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજસ્થાનમાં બાડમેરમાં દેશની સૌથી આધુનિક રીફાઈનરીનો શુભારંભ કર્યો.

દેશના પ્રધાનમંત્રીશ્રીએ રાજસ્થાનના બાડમેર જીલ્લામાં પછપારડામાં રાજસ્થાનની રિફાયનરી પરીયોજનાની શરૂઆત કરેલ છે.

આ રાજ્યમાં પ્રથમ તેલ રિફાયનરી છે, ૪૩૦૦૦ કરોડ રૂપિયાના ખર્ચે આ પરિયોજના એચ.પી.સી.એલ. અને રાજસ્થાન સરકાર વચ્ચે એક સયુંકત સાહસ છે.

આ રીફાઇનરી ચાર વર્ષમાં શરુ થવાની સંભાવના છે.

આ પરિયોજનાથી રાજ્યને ૩૪૦૦૦ કરોડ રૂપિયાની વધારાની આવક પ્રાપ્ત થશે.

આ પરિયોજનાથી હજારો લોકોને પ્રત્યક્ષ અને પરોક્ષ ધંધા રોજગાર પ્રાપ્ત થશે.

હાલમાં ઇન્ડિયન ઓઈલના અધ્યક્ષ તરીકે સંજીવ સિંહ સેવા આપી રહ્યા છે.

Google Play Store પર જઈ EduSafar સર્ચ કરી, એપ ડાઉનલોડ કરી લેશો.

## આંતરરાષ્ટ્રીય

### પાર્ટી સમર્થનમાં હારવાને કારણે રોમાનિયાઈ પ્રધાનમંત્રી મિહાઈ ટ્યુડોઝ રાજીનામું આપ્યું.

રોમાનિયાના વામપંથી પ્રધાનમંત્રી મિહાઈ ટ્યુડોજે આંતરિક શક્તિ અને સંઘર્ષના કારણે પોતાની પાર્ટીના સમર્થનથી હાર્યા બાદ રાજીનામું ધરેલ છે.

પોતાના પૂર્વ અધિકારીઓના માત્ર સાત મહિના પછી તેમને પણ તેમનો સામનો કરવો પડેલ.

સતાધારી સોશ્યલ ડેમોક્રેટિક પાર્ટી (પી.એસ.ડી.) ના નેતાએ પોતાની જ પાર્ટીના નેતાઓ દ્વારા વિરોધમાં મતદાન કરવાના કારણે પોતાના પદ પરથી રાજીમાનું આપી દીધેલ છે.

રોમાનિયાની રાજધાની બુડાપેસ્ટ છે, આ દેશની મુદ્રા રોમાનિયાઈ લુ છે.

રોમાનિયા દેશના રાષ્ટ્રપતિ તરીકે ક્લાઉસ ઈઓહન્નીસ સેવા આપી રહ્યા છે.

## રમત-જગત

### ઋષભપંત ટી-૨૦ ક્રિકેટમાં સૌથી ઝડપી શતક લગાવનાર ભારતીય બેટ્સમેન બન્યા.

વિકેટકીપર ને બેટ્સમેન ઋષભપંતે ટી-૨૦ ક્રિકેટમાં ઈતિહાસમાં આજ સુધીનું સૌથી તેજ શતક લગાવેલ છે.

નોર્થઝોનટી.૨૦ લીગ (સૈયદ મુસ્તાક અલી ટ્રોફી) માં હિમાચલ પ્રદેશ વિરુદ્ધ રમતા મહજે ૩૨ દડામાં સૌથી ઝડપી સદી પૂર્ણ કરેલ છે.

આ પહેલા વેસ્ટઇન્ડીઝના બેટ્સમેન ક્રીસગેલે ૩૦ દડામાં એક શતક પૂર્ણ કરેલ.

આ સાથે ઋષભપંત ટી.૨૦ માં સૌથી ઝડપી શતક લગાવનાર ક્રિકેટર બની ગયા છે.

ઋષભપંતનો જન્મ ૪ ઓક્ટોબર ૧૯૯૭ ના રોજ હરિદ્વાર ઉત્તરાખંડમાં થયેલ છે.

## અન્ય

### ઇન્ડિયા- ઇઝરાયેલ બીઝનેસ સમિતમાં આઈ-૪ ફંડ કોલ ફોર પ્રપોઝલની વેબસાઈટનું ડીઝીટલ સ્વરૂપ લોન્ચ કર્યું.

આઈ.-૪ ફંડ કોલ ફોર પ્રપોઝલની બે પ્રધાનમંત્રી ભારત અને ઇઝરાયેલ દ્વારા વેબસાઈટના સયુંકત અને બ્રોશરના અનાવરણ સાથે કરવામાં આવી.

ઇન્ડીયા –ઇઝરાયેલ ઇન્ડસ્ટ્રીયલ આર.એન્ડ ડી.એન્ડ ટેકનોલોજીકલ ઇનોવેશન ફંડની જાહેરાત કરેલ છે.

Google Play Store પર જઈ EduSafar સર્ચ કરી, એપ ડાઉનલોડ કરી લેશો.

આ અંતર્ગત વિજ્ઞાન અને પ્રધ્યોગીકી વિભાગ ભારત અને ઇઝરાયેલના રાષ્ટ્રીય નવાચાર પ્રાધિકારણે ૪૦ મીલીયન અમેરિકી ડોલરના ફંડને સ્થાપિત કરેલ છે.

ઇઝરાયેલ દેશના પ્રધાનમંત્રી તરીકે બેન્જામીન નેતન્યાહુ સેવા આપી રહ્યા છે.

ઇઝરાયેલ દેશના રાષ્ટ્રપતિ તરીકે રેવેન-રીવલીન સેવા આપી રહ્યા છે.

## સમીક્ષા, તારીખ ૧૭/૦૧/૨૦૧૮

### રાજ્યવર્ધનસિંહ રાઠોડે ખેલો ઇન્ડિયા ગીત લોન્ચ કર્યું...

રમત-ગમત મંત્રી રાજ્યવર્ધનસિંહ રાઠોડે ૩૧ જાન્યુઆરીથી શરુ થનાર ખેલો ઇન્ડિયા સ્કુલ ગેમ્સના આધિકારિક ગાન અને માસ્કોટને જાહેર કરેલ.

હવે જયરે કોઈ ખેલાડી રાષ્ટ્રમંડળ રમતો, એશિયાઈ રમતો અને ઓલિમ્પિકમાં પદક જીતશે, તો કોચને પ્રોત્સાહન પ્રદાન કરાશે.

વિડીયોમાં સરદાર સિંહ, સુનીલ છેત્રી, દેવેન્દ્ર ઝાજરીયા, બાઈચુંગ ભૂટીયા,પુલેલા ગોપીચંદ અને અન્ય ખેલાડી ભારતીય રમતોના પ્રમુખ પાત્રો છે.

આ ગીતનો ઉદેશ્ય રમતોમાં ભાઈચારો, સમાનતા અને એકતા પર ધ્યાન કેન્દ્રિત કરવાનો છે.

ભારત સરકારે ખેલો ઇન્ડીયાના સુધાર માટે ત્રણ વર્ષની અવધી માટે ૧૭૫૬ કરોડ રૂપિયાની મંજુરી આપી છે.

રાજવર્ધનસિંહ રાઠોડનું મતવિસ્તાર ક્ષેત્ર રાજસ્થાન જયપુર ગ્રામીણ છે,

## કરંટ અફેર્સ, તારીખ ૧૮/૧/૨૦૧૮

### નવી દિલ્હીમાં આયોજિત કેન્દ્રીય શિક્ષા સલાહકાર બોર્ડ (સીએબીઈ) ની ૬૫ મી બેઠક મળી.

સી.એ.બી.ઈ.નું પુરુનામ સેન્ટ્રલ એડવાઈઝરી બોર્ડ ઓફ એજ્યુકેશન થાય છે.

કેન્દ્રીય માનવ સંસાધન વિકાસમંત્રી શ્રી પ્રકાશ જાવડેકરની અધ્યક્ષતામાં આ બેઠક મળેલ.

બેઠકની કાર્યસુચી સ્કુલ શિક્ષણ અને સાક્ષરતા સાથે સંબધિત મુદ્દાઓ હતા.

બેઠકમાં જીલ્લાઓ અનુસાર રાષ્ટ્રીય ઉપલબ્ધિ સર્વેક્ષણ (નાસ) નેશનલ એસેસમેન્ટ સર્વે. રીપોર્ટ કાર્ડ જાહેર કરાયેલ છે.

આ બેઠકમાં ૨૦ રાજ્યોના શિક્ષણ મંત્રીઓ, ૨૮ રાજ્યો અને કેન્દ્ર સાશિત પ્રદેશોના

Google Play Store પર જઈ EduSafar સર્ચ કરી, એપ ડાઉનલોડ કરી લેશો.

પ્રતિનિધિઓએ ભાગ લીધેલ.

## આંતરરાષ્ટ્રીય

### આઈ.ડબલ્યુ.ડી.આર.આઈ-૨૦૧૮ નવી દિલ્હીમાં સફળતાપૂર્વક સંપન્ન થયું.

બે દિવસીય આપદા નિવારણ સંરચના કાર્યશાળા દિલ્હીમાં સફળતાપૂર્વક સંપન્ન થઈ.

આ કાર્યશાળામાં વૈશ્વિક સ્તર પર તમામને અનુકુળ થાય તે માટે સુચારુ મંચ તૈયાર કરવામાં આવેલ છે.

આ કાર્યશાળાનું આયોજન સયુંકત રાષ્ટ્ર આપદા જોખમ ન્યુનીકરણના સહયોગથી રાષ્ટ્રીય આપદા પ્રબંધન પ્રાધિકરણ દ્વારા કરવામાં આવેલ.

આ કાર્યશાળાનું ઉદ્ઘાટન કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહના હસ્તે કરવામાં આવેલ.

આ કાર્યશાળામાં ગૃહ રાજ્યમંત્રી કિરણ રીજ્જુએ સમાપન ભાષણ આપેલ.

## રમત-જગત

### ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટર સંજય માંજરેકરે પોતાની આત્મકથા 'ઈમ્પરફેકટ' લોન્ચ કરી.

સંજય માંજરેકરે પોતાની આત્મકથા 'ઈમ્પરફેકટ'ને મુંબઈમાં લોન્ચ કરેલ છે.

'ઈમ્પરફેકટ'પુસ્તકને સંદીપ માંજરેકરના પહેલા આંતરરાષ્ટ્રીય કેપ્ટન દિલીપ વેંગસરકર દ્વારા રીલીઝ કરવામાં આવેલ.

આ પુસ્તક હાર્પર કોલીંસ દ્વારા પ્રકાશિત કરવામાં આવેલ.

સંજય માંજરેકરે ૩૭ ટેસ્ટ મેચ રમેલ છે.

તેઓની પહેલી ટેસ્ટ મેચ વેસ્ટઈન્ડીઝ વિરુદ્ધ હતી.જે દિલ્હીમાં રમાઈ હતી.

## અન્ય

### અભિનેતા સુધીર દલ્વીને જનક વી.પી.સાવલારામ પુરસ્કાર પ્રાપ્ત થાયો.

મહારાષ્ટ્રના મુંબઈ ખાતે આયોજિત એક સમારોહમાં અભિનેતા સુધીર દલ્વીને જનકવી પી.સાવલારામ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા છે.

આ પુરસ્કાર સયુંકત રૂપથી થાણે નગર નિગમ અને જનકવી પી.સાવલારામ કલા સમિતિ દ્વારા આપવામાં આવે છે.

પ્રસિદ્ધ નર્તક જયશ્રી ટી.ને ગંગા જમુના પુરસ્કારથી સન્માનિત કરવામાં આવેલ છે.

આ પુરસ્કાર સાવલારામ દ્વારા લિખિત એક લોકપ્રિય ગીતની સ્મૃતિમાં સ્થાપિત કરવામાં આવેલ.

Google Play Store પર જઈ EduSafar સર્ચ કરી, એપ ડાઉનલોડ કરી લેશો.

તેમણે પ્રસિદ્ધ ટી.વી.શો. 'ક્યુકી સાંસ ભી કભી બહુ થી' અને અન્ય ટી.વી. શોમાં પણ ચિત્રણ કરેલ છે.

## સમીક્ષા,તારીખ ૧૮/૦૧/૨૦૧૮

### કેન્દ્રીય પેટ્રોલીયમ મંત્રાલયે સક્ષમ-૨૦૧૮ અભિયાન લોન્ચ કર્યું...

સક્ષમ (સંરક્ષણ ક્ષમતા મહોત્સવ) ભારત સરકારના પેટ્રોલીયમ અને પ્રાકૃતિક ગૈસ મંત્રાલયના તત્વાધાનમાં પેટ્રોલીયમ સંરક્ષણ અનુસંધાન સંઘ (પેટ્રોલીયમ કન્ઝર્વેશન રિસર્ચ એજન્સી) વાર્ષિક પ્રમુખ ગતિવિધિ અભિયાન છે.

આમાં રાજ્ય સરકારો જેવા અન્ય હિતધારકો સાથે તેલ અને ગૈસ સંબંધી સાર્વજનિક ક્ષેત્રના ઉપક્રમે સક્રિય સહયોગ કરે છે.

તેના અંતર્ગત સાર્વજનિક ગતિવિધિઓના માધ્યમથી ફયુલ સંરક્ષણ પર ધ્યાન કેન્દ્રીત કરી શકાય છે.

એક માસ ચાલનાર લાંબા અભિયાનનો ઉદેશ્ય નાગરિકોને પેટ્રોલીયમ ઉત્પાદનોના સંરક્ષણ અને પ્રભાવી ઉપયોગથી વાકેફ કરવાના પ્રયાસોને વધારવાનો છે.

આટલા મોટા દેશની પેટ્રોલીયમ માંગને પહોંચી વળવા માટે આવા ફયુલ સેવ કરવાના અભિયાન ચલાવાય તે ઈચ્છનીય છે.

ભારતમાં ધર્મેન્દ્ર પ્રધાન પેટ્રોલીયમ અને પ્રાકૃતિક ગેસના વર્તમાન મંત્રી છે.

## કરંટ અફેર્સ,તરીખ ૧૯/૦૧/૨૦૧૮

## રાષ્ટ્રીય

### ત્રિપુરા,મેઘાલય અને નાગાલેંડ રાજ્યમાં ચૂંટણીની તારીખ જાહેર કરવામાં આવી.

ચૂંટણી આયોગ દ્વાર ત્રિપુરા, મેઘાલય અને નાગાલેન્ડમાં વિધાનસભાની ચૂંટણીની તારીખો જાહેર કરી દેવામાં આવેલ છે.

દેશના મુખ્ય ચૂંટણી કમિશનર અચલ કુમારે એક પ્રેસ કોન્ફરન્સમાં આ માહિતી આપી હતી.

ત્રિપુરામાં ૧૮ ફેબ્રુઆરીના રોજ મતદાન કરવામાં આવશે.

આ ત્રણ રાજ્યોમાં ૬૦ સદસ્યોની ભવન છે, મેઘાલય,ત્રિપુરા અને નાગાલેંડ વિધાનસભાનો કાર્યકાળ ક્રમશઃ ૬ માર્ચ, ૧૩ માર્ચ અને ૧૪ માર્ચ ૨૦૧૮ ના રોજ પૂર્ણ

Google Play Store પર જઈ EduSafar સર્ચ કરી, એપ ડાઉનલોડ કરી લેશો.

થાય છે.

કર્ણાટક, મિઝોરમ,છતીસગઢ અને મધ્યપ્રદેશ તથા રાજસ્થાનની ચૂંટણી પણ આ વર્ષે આયોજિત કરવામાં આવશે.

સ્વતંત્ર ભારતના પ્રથમ ચૂંટણી કમિશનર સુકુમાર સેન રહેલા.

ભારતના ૨૧ માં મુખ્ય ચૂંટણી કમિશનર તરીકે અચલકુમાર સેવા આપી રહ્યા છે.

## આંતરરાષ્ટ્રીય

### ભારતે બીજીંગમાં પોતાની પ્રથમ એસ.સી.ઓ. સૈન્ય સહયોગ બેઠકમાં ભાગ લીધો.

ભારતે ચીનના બીજિંગ ખાતે શાંઘાઈ સહયોગ સંગઠનના આંતરરાષ્ટ્રીય સૈન્ય સહયોગ સંગઠન વિભાગની બે દિવસીય બેઠકમાં પ્રથમવાર ભાગ લીધેલ છે.

ભારતીય પ્રતિનિધિ મંડળનું નેતૃત્વ મેજર જનરલ અજય શેઠે કરેલ.

આ બેઠકમાં એસ.સી.ઓ.ના સદસ્ય દેશો વચ્ચે વ્યવહારિક સહયોગ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવેલ.

એસ.સી.ઓ.ના ફ્રેમવર્ક અંતર્ગત રક્ષા સહયોગના ક્ષેત્રમાં ભારતની આ પ્રથમ બેઠક હતી.

એસ.સી.ઓ.માં ચીન,કઝાકિસ્તાન, કિર્ગીસ્તાન, રશિયા,તજાકિસ્તાન,ઉઝબેકિસ્તાન ભારત અને પાકિસ્તાન દેશો આવેલ છે.

## રમત-જગત

### ભારતીય ક્રિકેટર વિરાટ કોહલીને આઈ.સી.સી.ટેસ્ટના કેપ્ટન તથા ઓ.ડી.આઈ.ટીમ ઓફ ધ ઈયરના રૂપમાં નામાંકિત કરવામાં આવ્યા.

વિરાટ કોહલીને આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ ,ટેસ્ટ અને વન-ડે ઈન્ટરનેશનલની ટીમોના કેપ્ટનના રૂપમાં નામાંકિત કરવામાં આવ્યા છે.

જેમાં ચાર અન્ય ભારતીય પણ સામેલ છે, કોહલીએ ૭૭.૮૦.માં ૨૦૨૩ રન બનાવેલ.

આમાં ક્વાલીફિકેશન અવધિ દરમિયાન ૧૮ મેચોમાં આઠ શતક તથા ત્રણ અર્ધ શતક સામેલ છે.

તેમણે આશ્ચર્યજનક રૂપથી આઈ.સી.સી.ની ટેસ્ટ ટીમ કપ્તાની માટે ઓસ્ટ્રેલીયાઈ કેપ્ટન સ્ટીવ સ્મિથને પાછળ રાખી દીધેલ.

ટેસ્ટ ટીમમાં ચેતેશ્વર પુજારા તથા રવિચંદ્રન અશ્વિન પણ સામેલ છે.

સર ગારફીલ્ડ સોબર્સ ટ્રોફી અને ઓ.ડી.આઈ.ક્રિકેટર ઓફ ધ યરના વિજેતા વિરાટ કોહલીને આઈ.સી.સી.ની એક દિવસીય ટીમનું નેતૃત્વ કરવા માટે પસંદ કરવામાં આવ્યા

Google Play Store પર જઈ EduSafar સર્ચ કરી, એપ ડાઉનલોડ કરી લેશો.

હતા.

## અન્ય

### ભારતે પરમાણું –સક્ષમ આઈ.સી.બી.એમ. અગ્નિ-૫ નું સફળ પરિક્ષણ કર્યું.

ભારતે પોતાના પરમાણું-સક્ષમ અગ્નિ-૫ અંતર-મહાદ્વીપીય બૈલાસ્ટિક મિસાઈલનું સફળ પરિક્ષણ કરેલ છે.

આનાથી ૫૦૦૦ કિમી તથા તેનાથી વધારે દુર રહેલા લક્ષ્યોને આસાનીથી ભેદી શકાય છે.

આઈ.સી.બી.એમ. અગ્નિ-૫ ની પહોંચ ચીનના દુર આવેલા ઉતરી ક્ષેત્ર સુધી રહેલ છે.

આઈ.સી.બી.એમ. અગ્નિ-૫ નું અંતિમ પરિક્ષણ ડીસેમ્બર ૨૦૧૬ માં કરવામાં આવેલ.

જેને ત્રણ સ્તરીય આઈ.સી.બી.એમ. ના ચોથા અને અંતિમ પ્રયોગાત્મક પરિક્ષણના રૂપમાં વર્ણિત કરવમાં આવેલ.

## સમીક્ષા,તારીખ ૧૯/૦૧/૨૦૧૮

### દેશના પ્રધાનમંત્રી નરેન્દભાઈ મોદીએ અમદાવાદમાં આઈ.ક્રિયેટ સેન્ટરનો શુભારંભ કર્યો.

દેશના પ્રધાનમંત્રીશ્રી અને બેન્જામીન નેતન્યાહુએ અમદાવાદમાં દેવ ધોલેરા ગામમાં આઈ.ક્રિયેટ સેન્ટરનો શુભારંભ કરેલ છે.

આઈ.ક્રિયેટ નવાચારના માધ્યમથી સફળતાની નવી કહાનીઓ માટે બંને દેશોવચ્ચે એક રસ્તો બને છે.

ઈઝરાયેલ અને ભારતના નેતાઓએ આ સ્થળ પર સ્ટાર્ટઅપ પ્રદર્શનને પણ નિહાળેલ.

અહી તેઓએ ઉદ્યોગપતિઓ અને નવીન આવીસ્કારો સાથે વાતચીત પણ કરેલ.

તેઓએ ઈન્ડિયા-ઈઝરાયેલ ઈનોવેશન ચેલેન્જ ૨૦૧૭ ના વિજેતાઓને સન્માનિત કરેલ.

આ સન્માનમાં કૃષિ, સ્વાસ્થ્ય દેખરેખ અને જળમાં પ્રત્યેકમાં બે ચેલેન્જ સામેલ છે.

ઈઝરાયેલની રાજધાની જેરુસલેમ છે, ત્યાની મુદ્રા ઈઝરાયેલ ન્યુ શેકેલ છે.

Google Play Store પર જઈ EduSafar સર્ચ કરી, એપ ડાઉનલોડ કરી લેશો.

નમસ્કાર મિત્રો,

એજ્યુસફરની કરંટ અફેર્સની સફરનો લાભ લઇ રહ્યા છો,

આ કરંટ અફેર્સના **ગુજરાતી વિડીયો** પણ યુટ્યુબ પર છે, જેમાં અગત્યના મુદ્દા અને સાથે **અન્ય જીકે** પણ સમાવવાનો પ્રયાસ **પરેશભાઈ ચાવડા** દ્વારા કરવામાં આવી રહ્યો છે.

આ ઉપરાંત ઘણા વિડીયો એજ્યુસફરના યુટ્યુબ પર છે. જે આપને સ્પર્ધાત્મક પરીક્ષા માટે ખુબ જરૂરી છે. આ વિડીયો જોવા માટે આપે યુટ્યુબ પર જઈ, એજ્યુસફર (EduSafar) સર્ચ કરી ચેનલ પર જશો. હા જો એજ્યુસફર ચેનલ હજુ **સબસ્ક્રાઈબ** ન કરી હોય તો કરી લેશો, જેથી આપને આમારા નવા વિડીયોની જાણ પણ થતી રહેશે.

આ ફાઈલ આપને ઉપયોગી થાય તેવા હેતુથી બની છે, તો **તમારા મિત્રોને પણ આ ફાઈલ પહોચતી કરશો.** પ્રિન્ટ કરી ને પણ વાંચી શકો, ઝેરોક્ષ કરી ને પણ ઉપયોગમાં લઇ શકો.

આ માટે આપના દરેક સૂચનો આવકાર્ય છે.

આપ જેતે પરીક્ષામાં સફળ થાવ તેવી શુભેચ્છા.

**એજ્યુસફર પરિવાર**

EduSafar

Google Play Store પર જઈ EduSafar સર્ચ કરી, એપ ડાઉનલોડ કરી લેશો.

# GK અને JOB માટે બેસ્ટ એન્ડ્રોઈડ App

Google Play Store પર જઈ, EduSafar સર્ચ કરી, એપ ડાઉનલોડ કરી લેશો. **અથવા**



આ માટે નીચે આપેલ લીંક પરથી ડાઉનલોડ કરી લેશો.
www.edusafar.com

**કરંટ અફેર્સ વિડીયો,**
**બંધારણ વિડીયો,**
**ગુજરાતી વ્યાકરણ,**
**ઈંગ્લીશ ગ્રામર,**
**રીઝનીંગ (તાર્કિક) વિડીયો,**
**ધોરણ ૧૦ ગણિતના વિડીયો**

**સ્પર્ધાત્મક પરીક્ષા માટે YouTube પર જઈ, EduSafar લખી, સર્ચ કરી, ફ્રી વિડીયોનો લાભ લો.**

EduSafar